



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩







સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ નોમ ગુરુવાર ૯ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૯

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# મહાયુદ્ધના મંડાણ: ઈરાન સાથેનો યુદ્ધવિરામ ખતમ

**સામસામે** પ્રચંડ હવાઈ હુમલા, અખાતી દેશોમાં ભારે અફરાતફરી

**ઈરાને** તેલ ટેન્કરો સળગાવતા અમેરિકાએ 80 લશ્કરી ઠેકાણા પર કર્યા હુમલા, બદલામાં ઈરાને બહરીન-કુવૈત પર દાગી 85 મિસાઈલો

**ટ્રમ્પે** આપી ઈરાનને બરબાદ કરવાની ખુલ્લી ધમકી, ખર્ગ ટાપુ કબજે કરવાની ધમકી

**દુબઈ-અંકારા-નવી દિલ્હી, તા. 8 (AP):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલો યુદ્ધવિરામ ત્રણ મહિનામાં જ સંપૂર્ણપણે તૂટી ગયો છે. વડામથક હોર્મુઝની ખાડીમાં ઈરાન દ્વારા આંતરરાષ્ટ્રીય તેલ ટેન્કરો પર કરાયેલા હુમલાના જવાબમાં, અમેરિકી સૈન્યની સેન્ટ્રલ કમાન્ડે (CENTCOM) મંગળવારે મોડી રાત્રે ઈરાનના 80થી વધુ લશ્કરી ઠેકાણાઓ પર પ્રચંડ હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલાથી ભડકેલા ઈરાને પણ બુધવારે સવારે બહરીન અને કુવૈતમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો પર વળતો મિસાઈલ હુમલો કરીને અખાતી દેશોમાં ખળભળાટ મચાવી દીધો છે. આ સૈન્ય ટકરાવને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં 5%થી વધુનો મોટો ઉછાળો આવ્યો છે અને શેરબજાર કડાકા સાથે બંધ થયું છે. તુર્કિયેની રાજધાની અંકારામાં ચાલી રહેલી નાટો (NATO) સમિટ દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર જાહેરાત કરી છે કે ઈરાન સાથે થયેલો વચગાળાનો કરાર હવે 'ખતમ' થઈ ચૂક્યો છે.

...અનુસંધાન પાના 11 પર



## હોર્મુઝની ખાડીમાં ઈરાનનો હુમલો - અમેરિકાનો જવાબી હુમલો

સમગ્ર વિવાદ મંગળવારે ત્યારે શરૂ થયો જ્યારે ઈરાનની પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ રહેલા ત્રણ મોટા કોમર્શિયલ જહાજોને નિશાન બનાવ્યા. ઓમાનના દરિયાકાંઠાની નજીક આ તેલ ટેન્કરો પર રોકેટ અને ડ્રોન વડે હુમલા કરાયા, જેના કારણે કતરના ગેસ ટેન્કરમાં ભયાનક આગ લાગી ગઈ હતી. ઈરાને દાવો કર્યો કે આ જહાજો તેમના દ્વારા નક્કી કરાયેલા રૂટ પરથી પસાર નહોતા થઈ રહ્યા, તેથી સુરક્ષાની કોઈ ગેરંટી નથી. ઈરાની હુમલાના જવાબમાં અમેરિકાએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઈરાનની વાયુસેનાના સંરક્ષણ પ્રણાલી, દરિયાકાંઠાના રડાર સ્ટેશનો અને જહાજોને ધમકી આપવા માટે વપરાતી IRGCની 60થી વધુ નાની સૈન્ય બોટોને મિસાઈલ મારીને તોડી પાડી હતી. ઈરાનના મીડિયાએ પણ બંદર માહશહર અને બુશેહર પરમાણુ પ્લાન્ટ નજીક શ્રેણીબદ્ધ પ્રચંડ વિસ્ફોટોની પુષ્ટિ કરી છે, જેમાં એક ગાર્ડ સભ્યનું મોત થયું છે. ઉપરાંત, અમેરિકાએ ઈરાનના તેલ નિકાસના સૌથી મોટા કેન્દ્ર 'ખાર્ગ આઇલેન્ડ' પર પણ હુમલો કર્યો હતો.

### ઈરાનનો બહરીન અને કુવૈત પર વળતો પ્રહાર

અમેરિકી એરસ્ટ્રાઇકના થોડા જ કલાકોમાં, બુધવારે સવારે ઈરાનની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ બહરીન અને કુવૈત સ્થિત અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર અંદાજે 85 મિસાઈલો દાગી દીધી હતી. બહરીનમાં આવેલું અમેરિકી નૌકાદળના પાંચમા બેડાનું મુખ્ય મથક અને કુવૈતનું અલી અલ સલેમ એર બેઝ ઈરાનના નિશાના પર હતા. બંને દેશોમાં સવારે મિસાઈલ એલર્ટના સાયરન વાગ્યા

...અનુસંધાન પાના 11 પર

### ગ્રીનલેન્ડ મામલે નાટો સાથી દેશો પર ટ્રમ્પનો રોષ: સ્પેન, બ્રિટન અને ઈટાલી સામે નારાજગી

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે નાટોના સાથી દેશો સામે ભારે ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે અમેરિકા યુરોપની રક્ષા માટે અઢળક નાણાં ખર્ચે છે, પરંતુ બદલામાં સાથી દેશો લશ્કરી સહયોગ આપતા નથી. ટ્રમ્પે સ્પેનના સોશિયલિસ્ટ નેતૃત્વ પર પ્રહારો કરતા કહ્યું કે, સ્પેને ઈરાન સામેના યુદ્ધ માટે અમેરિકી વિમાનોને પોતાની એરસ્પેસ કે સૈન્ય મથકોનો ઉપયોગ કરવા દીધો

...અનુસંધાન પાના 11 પર

### આજે રાત્રે ઈરાન પર ફરી મોટો હુમલો કરીશું: ટ્રમ્પ

નાટો સમિટમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને બરબાદ કરવાની ખુલ્લી ધમકી આપી છે. ટ્રમ્પે જણાવ્યું કે જો ઈરાન પોતાની હરકતો બંધ નહીં કરે, તો અમેરિકા આગામી હુમલામાં ઈરાનના પાવર પ્લાન્ટ્સ (વીજળી મથકો) અને પાણીને શુદ્ધ કરવાના ડિસેલિનેશન પ્લાન્ટ્સને સંપૂર્ણપણે નષ્ટ કરી દેશે. ઈરાનના તેલ નિકાસના

...અનુસંધાન પાના 11 પર

## સુરતમાં ખાડીપૂર બીજા દિવસે પણ યથાવત, લાખો લોકો હજુ પાણીમાં



**શહેરની વિવિધ ખાડીની સ્થિતિ**

| ખાડી | રાત્રે 8 વાગ્યે | ભયજનક સપાટી (મીટરમાં) |
|---|---|---|
| કાકરા | 6.90 | 8.48 |
| ભેદવાડ | 6.85 | 7.20 |
| મીઠી | 9.50 | 9.35 |
| ભાઠેના | 6.80 | 8.25 |
| સીમાડા | 5.50 | 4.05 |

(તસવીરઃ સતીષ જાદવ)

**ખાડી** નજીકના અલથાણથી શરૂ કરીને સરથાણા, બમરોલી, સીમાડા, ગોડાદરા, દેલાડવા, પર્વત પાટીયા, લિંબાયતના વિસ્તારોમાં હજુ પણ બેથી ચાર ફુટ પાણી

**લાખોની** કિંમતના બંગલાઓમાં પાણી, બીજા દિવસે પણ રસ્તા દેખાવા મુશ્કેલ, બુધવારે પણ ત્રણ ખાડી ફરી ઓવરફ્લો થઈ, બાયોડાઈવર્સિટી પાર્ક ખાડીના પાણીમાં ડૂબી ગયો

**સુરતઃ** સુરત જિલ્લાના બારડોલી, કામરેજ અને પલસાણા તાલુકામાં મંગળવારે થયેલા સાંબેલાધાર વરસાદને કારણે ઉભરાઈ ગયેલી સુરતની ખાડીઓના પાણી બીજા દિવસે પણ ઉતર્યા નથી. સુરતના અલથાણ, સરથાણા, બમરોલી, સીમાડા, ગોડાદરા, દેલાડવા, પર્વત પાટીયા, મીઠી ખાડી, બમરોલીથી માંડીને લિંબાયત વિસ્તારમાં ખાડીપૂરના કારણે હજુ પણ ચારેય તરફ કાદવયુક્ત

...અનુસંધાન પાના 11 પર

### ખાડીને કારણે બીજા દિવસે પણ આ વિસ્તારોમાં પાણી ભરાયેલા છે

- વરાછા-એ અને બી માં સણિયા ગામ, સારોલી ગામ, સરથાણા જકાતનાકા, કઠોદરા ગામ, વ્રજચોક, વાલમ નગર, વી ટી નગર, સંજય નગર વસાહત
- ઉધના ઝોન-એ અને બી માં અમીઝરા રેસીડેન્સી સુધીનો રોડ, સચિન કોમ્યુનીટી હોલ પાસે, કનસાડ પાલી રોડ, સંજારનગર ખાડી બ્રિજ પાસે ઉન, આઝાદનગર સુલતાનાબાદ, બમરોલી મિલન પોઈન્ટ, પાંડેસરા બાટલીબોય
- અઠવા ઝોનમાં ખાટુશ્યામ મંદિર, વીઆઈપી રોડ, ઓનએનજીસી બ્રિજ ડુમસ રોડ, સંગીની ઈવોક, ભીમરાડ ચેકપોસ્ટ, સુમન ભાર્ગવ, ભગવાન મહાવીર કોલેજ
- લિંબાયત ઝોનમાં ગોવિંદનગર ગરનાળા મેઈન રોડ, પરવત એસપીએસ થી પરવત ચૌરાહા રોડ, ગુરૂદત્તા ઉમિયાચોક રોડ, લિંબાયત ઝોન ઓફિસ રોડ, માનસરોવર સુડા બોર્ડર રોડ, મીઠી ખાડી સંપુર્ણ વિસ્તાર, રતનનગરજી, મઝદાપાર્ક, કમરૂનગર આવાસ, વીર આહિર ચોકથી ડીએમડી માર્કેટ, સાંઈ આશિષ સોસાયટી, માધવબાગ, ગોપાલ નગર સોસાયટી, સાઈદર્શન સોસાયટી ડિંડોલી, ઓમનગર ડુંભાલ, વામ્બે આવાસ, નેમીનાથ સોસાયટી, રૂષિવિહાર ટાઉનશીપ, શ્રીવર્ધન સોસાયટી, રણછોડનગર, અંજના ગરનાળા, ગોવિનનગર ગરનાળા, રૂપનગર ગરનાળા

## દિલ્હી ડાયરી



### રાહુલ ગાંધીનું ચૂંટણીલક્ષી આકલન

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓની સ્થિતિને બરાબર ઓળખી હતી? જો તેમના સમર્થકો અથવા તેમની નજીકના વર્તુળના લોકોનું માનીએ તો, તેમના નેતાની તમામ સમજ એકદમ સાચી હતી. તેમના જણાવ્યા મુજબ, તેમણે કેરળ વિધાનસભા ચૂંટણીના ઘણા સમય પહેલા જ શશી થરૂરનો સંપર્ક કર્યો હતો જેથી પક્ષ સંયુક્ત રીતે લડી શકે અને જૂથબંધીથી બચી શકાય. તેઓ તમિલનાડુમાં ડીએમકે સાથેનો છેડો ફાડીને ટીવીકે પક્ષ સાથે જોડાણ કરવા પણ માંગતા હતા, પરંતુ ભૂતપૂર્વ નાણા મંત્રી પી. ચિદમ્બરમ અને તેમના સાંસદ પુત્ર કાર્તિ ચિદમ્બરમ સહિતના જૂના નેતાઓએ તેમના આ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રિમો મમતા

...અનુસંધાન પાના 11 પર

**તા. ૦૮-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | ૨૪ મીમી | ૧૫૩.૭૫ મીમી |

| | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| તાપમાન | ૩૨.૪ સે. | ૨૫.૪ સે. | ૭૮% |

## નિજ્જર હત્યાકાંડમાં ભારત સરકારને 'ક્લીન ચિટ'

**કેનેડાની** પોલીસને કોઈ પુરાવા ન મળ્યા

**કેનેડા** પોલીસનું નિવેદન ભૂતપૂર્વ પીએમ જસ્ટિન ટ્રુડોના આરોપોથી તદ્દન વિપરીત

**ભારત** સરકારે આ તપાસમાં સહયોગ આપ્યો છે: કેનેડિયન પોલીસ

**નવી દિલ્હી, તા. 8 (PTI):** કેનેડામાં 2023માં થયેલી શિખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની તપાસ કરી રહેલી ટીમને આ ગુનામાં ભારત સરકારના અધિકારીઓ સામેલ હોવાના કોઈ પુરાવા મળ્યા નથી.

રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)ના ડેપ્યુટી કમિશનર લિસા મોરેલેન્ડે જણાવ્યું કે, તપાસમાં એવા કોઈ પુરાવા નથી મળ્યા જે દર્શાવે કે ભારતીય અધિકારીઓ આ હત્યામાં સામેલ હતા. આ નિવેદન તત્કાલીન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના અગાઉના આરોપોથી તદ્દન વિપરીત છે, જેના કારણે બંને દેશોના સંબંધો વણસ્યા હતા. મોરેલેન્ડે એમ પણ ઉમેર્યું કે ભારત સરકારે આ તપાસમાં સહયોગ આપ્યો છે.

આ જાહેરાત એવા સમયે થઈ છે જ્યારે અમેરિકા, કેનેડા અને યુરોપની કાયદા અમલીકરણ એજન્સીઓએ સંયુક્ત ઓપરેશન અંતર્ગત બિશ્નોઈ ગેંગના કેટલાંક સભ્યો ધરપકડ કરી છે. અમેરિકી સત્તાવાળાઓએ જેલમાં



બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના સાથી ગોલ્ડી બરાર પર નિજ્જરની હત્યાનો આદેશ આપવાનો આરોપ મૂક્યો છે.



ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર 2024માં ટ્રુડો સરકારના આરોપો બાદ ભારતે પોતાના હાઈ કમિશનરને પરત બોલાવ્યા હતા અને કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા. જો કે, ગયા વર્ષે એપ્રિલમાં સંસદીય ચૂંટણીમાં લિબરલ પાર્ટીના નેતા માર્ક કાર્નીની જીત બાદ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો ફરી પાટા પર આવી રહ્યા છે ખાસ કરીને પીએમ માર્ક કાર્નીની માર્ચ મહિનાની ભારત મુલાકાત બાદ બંને દેશોના સંબંધોમાં મોટો સુધારો જોવા મળ્યો છે.

ભારત દ્વારા આતંકવાદી જાહેર કરાયેલો નિજ્જર પ્રતિબંધિત ખાલિસ્તાન ટાઇગર ફોર્સનો વડો હતો.

### નિજ્જરની હત્યા માટે લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાર સામે અમેરિકામાં આરોપો

**વોશિંગ્ટન.** અમેરિકાએ ભારતમાં જેલવાસ ભોગવી રહેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના સાથી સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બરાર વિરુદ્ધ વર્ષ 2023માં કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આદેશ આપવા બદલ ગુનાહિત આરોપો દાખલ કર્યા છે. કેનેડાના નાગરિક નિજ્જરની 18 જૂન, 2023ના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં એક ગુરુદ્વારાની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. લોસ એન્જલસની ફેડરલ કોર્ટમાં મંગળવારે જાહેર કરાયેલા આરોપનામા અનુસાર, બિશ્નોઈએ આ હત્યાનો આદેશ આપ્યો હતો. એફબીઆઈએ ફરાર ગોલ્ડી બરારની ધરપકડ માટેની માહિતી આપનારને 50,000 ડોલરના ઈનામની જાહેરાત કરી છે. 1 જુલાઈ, 2026ના રોજ બરાર વિરુદ્ધ અમેરિકી કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે, જેમાં તેના પર ખંડણી, ગેરકાયદેસર સંગઠન ચલાવવા અને ડ્રગ્સની હેરાફેરીના કાવતરાના આરોપો છે. 'ઓપરેશન હાર્ડબોલ' નામની સંયુક્ત કાર્યવાહીમાં અમેરિકા, કેનેડા અને યુરોપની સુરક્ષા એજન્સીઓએ 24 લોકોની ધરપકડ કરી છે, જેમાંથી 11 લોકો કેલિફોર્નિયામાંથી પકડાયા છે. આ લોકો ભારતમાં સક્રિય ત્રણ આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુનાહિત ગેંગ સાથે જોડાયેલા છે. આ એજન્સીઓ હાલ અમેરિકા, ભારત અને યુરોપમાં અન્ય 10 ફરાર ગુનેગારોને શોધી રહી છે. લોરેન્સ બિશ્નોઈ વર્ષ 2015થી ભારતની જેલમાં બંધ છે અને ત્યાંથી જ તે પોતાના સાથીઓ બરાર, રોહિત ગોદારા અને સુખરાજ સિંહ કંગની મદદથી વોટ્સએપ જેવા પ્લેટફોર્મ દ્વારા વૈશ્વિક નેટવર્ક ચલાવતો હતો. અગાઉ નિજ્જરની હત્યાને કારણે ભારત અને કેનેડાના દ્વિપક્ષીય સંબંધો તણાવપૂર્ણ બન્યા હતા, કારણ કે તત્કાલીન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ આ હત્યા પાછળ નવી દિલ્હીનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો, જેને ભારતે સંપૂર્ણપણે પાયાવિહોણો ગણાવી ફગાવી દીધો હતો.

## ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા, વિશ્વભરના શેરબજારો તૂટ્યા

**બ્રેન્ટ** ક્રૂડ વધીને 78.80 ડોલર પર પહોંચતાં વૈશ્વિક બજારોમાં ચિંતા

**ડાઉ** જોન્સ 550 પોઇન્ટ તૂટ્યો, કોરિયાનો કોસ્પી 5.3% બેસી ગયો

**૩ટેક** અને AI શેરોમાં ભારે વેચવાલીથી એશિયન બજારો તૂટ્યા

**બેંગકોક-નવી દિલ્હી, તા. 8 (AP):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની વચગાળાની સમજૂતી 'ખતમ' થઈ ગઈ હોવાની જાહેરાત કરતાં વૈશ્વિક નાણાકીય બજારોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં આંતરરાષ્ટ્રીય જહાજો પરના હુમલા બાદ તણાવ વધતાં ટ્રમ્પે ઈરાન સાથેની વાટાઘાટોને સમયનો બગાડ ગણાવી છે અને અમેરિકા ફરીથી મોટા સૈન્ય હુમલાની તૈયારી કરી રહ્યું હોવાનું જણાવ્યું છે. આ ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાના કારણે વિશ્વભરના શેરબજારો ગગડ્યા છે અને ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ પુરવઠો ખોરવાવાની આશંકાથી બ્રેન્ટ ક્રૂડનો ભાવ 4.8% વધીને 77.74 ડોલર પર પહોંચ્યો હતો, જે સવારના સમયે 79 ડોલરને પાર કરી ગયો હતો. કાચા તેલના ભાવ વધવાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી (ઈન્ફ્લેશન) વધવાની ચિંતા પેદા થઈ છે, જેના કારણે ફેડરલ રિઝર્વ સહિતની સેન્ટ્રલ બેંકો વ્યાજદરમાં વધારો કરી શકે છે. બોન્ડ માર્કેટમાં 10-વર્ષના ટ્રેઝરી યીલ્ડ વધીને 4.58% થયા છે.

આ જાહેરાત બાદ વોલ સ્ટ્રીટ પર ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જનો એસ એન્ડ પી 500 0.5% અને નાસ્ડેક 0.2% તૂટ્યો હતો, જ્યારે ડાઉ જોન્સ 550 પોઈન્ટ ગગડ્યો હતો. ઈંધણના

...અનુસંધાન પાના 11 પર

## આગામી વર્ષથી NEET પરીક્ષા કમ્પ્યુટર મોડમાં, 6 દિવસમાં લેવાશે ટેસ્ટ

**પેપર** લીક અને પરીક્ષામાં અનિયમિતતાના વિવાદ બાદ કેન્દ્ર સરકારે કર્યા ફેરફાર

**નવી દિલ્હી, તા. 8 (PTI):** આગામી વર્ષથી કમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) તરીકે લેવાનાર તબીબી પ્રવેશ પરીક્ષા NEET-UG, દેશભરના 1,000થી વધુ કેન્દ્રો પર ઓછામાં ઓછા 6 દિવસ સુધી યોજાશે.

દેશની આ સૌથી મોટી અંડરગ્રેજ્યુએટ પ્રવેશ પરીક્ષા છે, જેમાં દર વર્ષે આશરે 25 લાખ જેટલા ઉમેદવારો ભાગ લે છે. પેપર લીક અને પરીક્ષામાં અનિયમિતતાના વિવાદો બાદ, કેન્દ્ર સરકારે આ પરીક્ષા પરંપરાગત પેન અને પેપર મોડને બદલે ઓનલાઈન કમ્પ્યુટર મોડમાં લેવાની જાહેરાત કરી છે. આ માટે શિક્ષણ અને આરોગ્ય મંત્રાલય વચ્ચે ઘણા સમયથી ચર્ચા ચાલી રહી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા JEEની જેમ જ આ પરીક્ષા પણ ઓછામાં ઓછા છ દિવસમાં અલગ-અલગ સત્રમાં લેવાશે. પરીક્ષા કેન્દ્રોની વિશ્વસનીયતા અને માળખાકીય સુવિધાઓની કડક ચકાસણી કર્યા પછી જ તેની પસંદગી કરવામાં આવશે. હાલમાં આ અંગેની વિગતવાર યોજના આખરી તબક્કામાં છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દર વર્ષે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે આ પરીક્ષાનું આયોજન કરે છે. દેશમાં MBBS કોર્સ માટે કુલ 1,08,000 બેઠકો ઉપલબ્ધ છે,

...અનુસંધાન પાના 11 પર